ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૪ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૧ ટકા ● સાંજે ૮૨ ટકા

## સે-૭/એ વસાહત મંડળ દ્વારા વૃક્ષારોપણ



ગાંધીનગર, તા. ૨૨

સે. ૭-એ વસાહત મંડળના પ્રમુખ જશવંત ગાંધીના જણાવ્યા મુજબ સેક્ટર-૭-એ વસાહત મંડળ દ્વારા ગાંધીનગર પાલિકાના સહયોગથી મહાત્મા ગાંધી ચોક, નવરાત્રિ ચોક અને બગીચામાં મોટાપાયે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને સેક્ટરને વધુ હરિયાળુ બનાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો જેમાં સર્વશ્રી કોર્પોરેટર મહેન્દ્રભાઈ પટેલ, નારાયણભાઈ મોદી, બી.એન. શ્રીવાસ્તવ, જશવંત ગાંધી, અશોકભાઈ માણેક, વાગ્નીભાઈ બુચ, ભદ્રેશ શાહ, અતુલભાઈ અમીન, બિપીનભાઈ ભટ્ટ, વંદનાબેન પટેલ, એન.કે. પંચાલ, વસંતભાઈ મહેતા, પ્રહલાદભાઈ પ્રજાપતિ, ઓમ પટેલ, યુગ ચાવડા, ડૉ. જગદીશભાઈ પંડ્યા, જી.કે. વ્યાસ જોડાયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા પાલિકાના અધિકારીઓ તથા સ્ટાફ સર્વશ્રી વિજયભાઈ પ્રજાપતિ, ડૉ. મૌલિક ચૌધરી, દર્શનભાઈ પ્રજાપતિ, અશોકભાઈ પટેલ, નિલેશભાઈ પરમારે જહેમત ઉઠાવી હતી.

## જય અંબે પરિવાર ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા હરિદ્વાર ખાતે યોજાનાર શ્રીમદ્ ભાગવત કથાનું જીવંત પ્રસારણ

ગાંધીનગર, તા.૨૨

જગત જનની 'મા' જગદંબા અને ભગવાન શ્રી કૃષ્ણની અસીમ કૃપાથી અધિક શ્રાવણ માસની આઠમને તા.૨૬/૭/૨૩ થી પૂનમને તા.૧/૮/૨૩ સુધી સાત દરમિયાન ઉમિયાધામ આશ્રમ, હરિદ્વાર ખાતે જય અંબે પરિવાર ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા "શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાનયજ્ઞ મહોત્સવ -૨૦૨૩" નું આયોજન કરવામાં આવ્યું છે.





આ કથાની વ્યાસપીઠ પર બિરાજી વિદ્વાન શાસ્ત્રી શ્રી કલ્પેશભાઈ મહેતા સતત સાત દિવસ કથાનું સુંદર રસપાન કરાવશે. શ્રી ભાગવત વિદ્યાપીઠ સોલા ખાતેથી સંસ્કૃત સાહિત્યમાં વર્ષ ૧૯૯૬ માં સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવી, રાજ્યના તત્કાલીન મહામહિમ રાજ્યપાલશ્રીના વરદહસ્તે સુવર્ણચંદ્રક હાંસલ કરી ગુજરાત સરકાર દ્વારા આચાર્યની પદવી મેળવેલ છે, એવા શ્રી કલ્પેશભાઈએ ઓનલાઈન કાર્યક્રમો મારફતે સનાતન સંસ્કૃતિના કર્મકાંડ, પુરાણ, સાહિત્ય વગેરે વિષયો પર દેશમાં તેમજ જુદા જુદા ૧૮ દેશોમાં વેદ વ્યાસ રચિત પુરાણો, ઉપનિષદો, યજુર્વેદ, સામવેદ સહિત સંસ્કૃત વિષયક પ્રચાર કર્યો છે. આ કથા માટે ૨૫૦ જેટલા શ્રોતા ભક્તો, સેવાભાવી યજમાનો અને અને વહીવટી પાંખના ભાઈઓ-બહેનો, ગાંધીનગર - મહેસાણાથી પ્રસ્થાન કરી ૨૫ તારીખ સુધીમાં હરિદ્વાર પહોંચી જશે. કથાના આગળના દિવસે યાત્રીઓની ઓળખવિધિ કરવામાં આવશે અને યજમાનશ્રીઓને પ્રાયશ્ચિત વિધિ કરાવી સંકલ્પ લેવરાવવામાં આવશે. ૨૬ તારીખે સવારે ૭.૦૦ કલાકે બેન્ડ-બગી સાથે પોથીયાત્રા હરિદ્વારના સપ્તઋષિ ઘાટ નજીકથી નીકળી ઉમિયાધામ આશ્રમ આવશે. જ્યાં તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. દરરોજ સવારે ૭.૪૫ કલાકથી યજમાનોને હસ્તે પૂજા વિધિ કરવામાં આવે છે તેવા 'મા' જગદંબાની આરતી પણ કરવામાં આવશે.

ત્યારબાદ કથા ૧૨.૩૦ કલાક સુધી ચાલશે. વળી, કથામાં ન જઈ શકનાર ભક્તો ઘેર બેઠા આ કથાને જીવંત નિહાળી શકે તેવા ઉમદા હેતુથી, તા.૨૬મી જુલાઈથી ૧ લી ઓગસ્ટ સુધી દરરોજ સવારે ૮.૩૦ કલાકથી બપોરના ૧૨.૩૦ કલાકે કથા વિરામ સુધી આ કથાનું જીવંત પ્રસારણ યુ-ટ્યુબના માધ્યમથી કરવામાં આવશે. જેની દરરોજની લીંક જુદા જુદા વોટ્સઅપ ગ્રુપમાં અને અખબારોમાં પ્રસારિત કરવામાં આવશે. જેનો લાભ લેવા સર્વે શ્રધ્ધાળુ ભક્તોને જય અંબે પરિવારના પ્રમુખ શ્રી લલિતભાઈ પટેલ જણાવે છે.

## જન્મદિને વધામણી


પરમ પી. શુક્લ


શીતલબેન કે. તરાલ
મો. ૯૮૭૯૯ ૧૫૩૯૧


ભાવસાર નિષ્ઠા એમ
મો. ૯૭૨૪૪ ૧૯૫૭૧


જૈનિલકુમાર કે. તરાલ
મો. ૯૮૭૯૯ ૧૫૩૯૧


દિવ્યાંગ હર્ષદરાય જોષી
મો. ૯૭૨૭૭ ૨૩૯૯૯


સાહિલ રાઠોડ
મો. ૯૬૦૧૦ ૦૬૦૭૬


મીત નાયક



રિઝવાનભાઈ મન્સુરી
મો. ૯૯૨૪૫ ૩૦૦૪૨



પંકજ ગાંધી


અદિતિ શાહ


મહેશ ધનવાણી
મો.૯૮૯૮૦૧૫૨૪૭


રાજેન્દ્ર કે.પારેખ


આયુ અલ્પેશભાઈ ચૌહાણ


મનીષ ખત્રી


દક્ષા ટી.પરમાર


દ્રષ્ટિ ખત્રી

## અડાલજ ખાતે જન આરોગ્ય સમિતિ મિટિંગ યોજાઈ



ગાંધીનગર, તા.૨૨

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉવારસદના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર અડાલજ ખાતે "જન આરોગ્ય સમિતિ મિટિંગ" અંતર્ગત અડાલજ સરપંચ બીનીતાબેન પટેલ, જિલ્લા સદસ્ય જયાબેન ઠાકોર અને અડાલજ ગ્રામ પંચાયત સભ્ય દક્ષાબેન મકવાણા હાજર રહ્યા હતાં. જેમાં જિલ્લા સદસ્ય જયાબેન ઠાકોર દ્વારા અડાલજ ગામના ટીબીના કુલ ૨૩ દર્દીઓને નિક્ષય પોષણ કીટ એનાયત કરવામાં આવી હતી. તેમજ અડાલજ ૨ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના સીએચઓ કું ઉર્મિલાબેન ચૌહાણ, એમપીએચડબલ્યુ જીગ્નેશ પરમાર તથા કૈલાશ આર. યાદવ દ્વારા સ્થાનિક આશાઓને ટી.બી. ઈન્ફોર્મર તરીકેના ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન પ્રા.આ કેન્દ્ર ઉવારસદના મેડિકલ ઓફિસર ડૉ.સરોજીની ચૌધરી, આયુષ મેડિકલ ઓફિસર અને જિલ્લા ક્ષય કેન્દ્રમાંથી ડીપીએસ મોનિકાબેન જોષી અને કાઉન્સિલર ઉપેન્દ્ર જગોદણાએ હાજરી આપી હતી. એસટીએસ મયંક મિત્તલ તેમજ અડાલજના તમામ આરોગ્ય કર્મચારીઓએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## એસ.વી.સ્કૂલમાં ટીચર ટ્રેનિંગ કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા.૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. વી. અંગ્રેજી પ્રાયમરી શાળામાં શિક્ષકોની ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના દરેક શિક્ષકો અને આચાર્યએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સર્વવિદ્યાલય કેળવણી મંડળના કાઉન્સેલર માનુશી ઉપાધ્યાય અને શ્રુતિ તિવારી દ્વારા આ ટ્રેઈનીગ આપવામાં આવી હતી. તેઓ દ્વારા ઈમોશન્સને સમજવા અને તેને નિવારવા માટેની પદ્ધતિઓ ખૂબ જ રસપ્રદ વિશે સમજાવવામાં આવી હતી. ટ્રેઈનરો દ્વારા વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી. જેમાં શિક્ષકો દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો. અને શિક્ષકોનાં વિદ્યાર્થી સંલગ્ન પ્રશ્નોના સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા.

## બોરીજ પ્રાથમિક શાળાના બાળકોનું શાનદાર પર્ફોમન્સ



ગાંધીનગર, તા.૨૨

બોરિજ પ્રાથમિક શાળામાં પ્રથમ ડિગ્રી બ્લેક બેલ્ટ મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા સ્કૂલનાં બાળકોને બેઝિક એક્સસાઈઝ, સ્ટ્રેચિંગ, વેપન ટ્રેનિંગ અને ડ્રિલ જેવી અનેક પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી તથા બાળકોમાં જાગૃતિ લાવવા માટેનું ઝુંબેશ હાથ ધર્યું હતું. મિલાપ ટાટારિઆ ટાઈગરે બાળકોને આ વિદ્યાનો અભ્યાસ કરી બીજા બાળકોને પણ જોડવા અનુરોધ પણ કર્યો હતો સાથે જણાવ્યું હતુ કે, ખરેખર સ્ટ્રેચિંગ કરવાથી શરીરને ફ્લેક્સિબલ બનાવવામાં મદદ થઈ શકે. સાથે જ આપણી માંસપેશીઓને મજબૂત બને. આત્મ સુરક્ષા એ જ સાચી સુરક્ષા છે. શાળાના વિદ્યાર્થીઓ : ગ્રીહેમ પરમાર, પ્રિન્સ પરમાર અને ઉષા મકવાણાએ સ્ટ્રેચિંગ કરીને પર્ફોમન્સ રજુ કર્યું હતું. સ્વરક્ષણની તાલીમ તમારામાં આત્મવિશ્વાસ કેળવે છે અને સમયપાલન કરવા બાબતે શાળાના પ્રિન્સિપાલે બાળકોને જણાવ્યું હતું.

## સે-૩૦ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના વોર્ડ નં-૫ માં સમાવિષ્ટ સેકટર ૩૦ ખાતે મેયર હિતેશભાઈ મકવાણા એ વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી બની છોડનું રોપણ કર્યું હતું. આ અવસરે મેયર એ જણાવ્યું હતુ કે આવો, પ્રાકૃતિક તત્વોના સમતુલન દ્વારા આવનારી પેઢીને સ્વચ્છ અને સુંદર પર્યાવરણની વિરાસત ભેટ ધરવા માટે ન કેવળ વધુમાં વધુ વૃક્ષારોપણ કરીએ પરંતુ એનું જતન કરવા પ્રતિબધ્ધ બનીએ. આ કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, શહેર મહામંત્રી કનુભાઈ દેસાઈ, કાઉન્સિલર કિજલકુમાર પટેલ, પદમસિંહ ચૌહાણ, કૈલાસબેન સુતરિયા, વોર્ડ પ્રમુખ, કાર્યકર્તાઓ તેમજ સામાજિક- રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં વર્ષાગીત સ્પર્ધા



ગાંધીનગર, તા. ૨૨

જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં વર્ષાગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ધો. ૧ થી ૮ ના ૧૮૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ સરસ મજાના વર્ષાગીતનું ગાન કર્યુ હતુ તેમજ ચૌધરી અંજનાબેને વર્ષાગીતનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમનું આયોજન ચૌધરી હર્ષાબેન તથા ચૌધરી નિકિતાબેને કર્યુ હતુ.

## નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા STEM વર્કશોપનું આયોજન




કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સંસ્થા માણેકલાલ એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સિસ એન્ડ રિસર્ચના બીએસસી પ્રથમ વર્ષ નાં વિદ્યાર્થી માટે નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા STEM વર્કશોપ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોડેલ દ્વારા વિજ્ઞાનના વિવિધ સિદ્ધાંતોની સમજ આપવામાં આવી હતી, આ ડો.અનિલ પટેલ દ્વારા ચંદ્રયાન-૩ વિશેની રસપ્રદ માહિતી અને તેનું જીવંત પ્રસારણ બતાવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો. કેયુર શાહ દ્વારા નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટરનો આભાર માનવામાં આવ્યો હતો.



શ્રીજી શ્રી ગોવર્ધન નાથજી હવેલી સેક્ટર ૨૧ ખાતે અધિક માસ શ્રાવણ સુદ ૪ તા. ૨૨/૦૭/૨૦૨૩ શનિવારે શીશ મહેલના હિંડોળા યોજાયા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.પટેલ સુરેશકુમાર કરશનભાઈ** ઉ.વ.૪૧, માણેકપુર, માણસા
- **સ્વ.મૌર્ય રામદેઈદેવી** ઉ.વ.૬૦, ગાંધીનગર
- **સ્વ.સોલંકી રામસંગજી ભાથીજી** ઉ.વ.ભુરકીયા, ડભોડા
- **સ્વ.પટેલ નારાયણભાઈ મથુરભાઈ** ઉ.વ.૫૫, અડાલજ
- **સ્વ.ઠાકોર પરેશજી ભીખાજી** ઉ.વ.૪૦, શિહોલી મોટી
- **સ્વ.સોલંકી રજાબેન ગોબરસિંહ** ઉ.વ.૪૭, દોલતાબાદ, સા.કાં
- **સ્વ.પરમાર નર્મદાબેન મોહનભાઈ** ઉ.વ.૭૩, કોલવડા
- **સ્વ.ચંપાવત જગતસિંહ કાલુસિંહ** ઉ.વ.૬૭, ગાંધીનગર

## આજે ધી. વસુધા ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ.સો.લિ.ની વાર્ષિક સભા

ગાંધીનગર, તા. ૨૨

ધી વસુધા ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટી લિ. ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા તા. ૨૩-૭-૨૦૨૩ને રવિવારના રોજ બપોરે ૧ કલાકે બ્રહ્માણીકૃપા મેમોરીયલ હોલ, કડી સ્કૂલ કેમ્પસ, કાલુપુર બેન્કની સામે, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે મળશે. સાધારણ સભા પુરી થયા બાદ તરત જ તેજસ્વી તારલાનો સન્માન સમારંભ મહાનુભાવોની હાજરીમાં યોજાશે.